**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેન્ક**

સંચાર વિભાગ , સેન્ટ્રલ ઓફિસ, એસ.બી.એસ.માર્ગ, મુંબઈ -400001
ફોન: 91 - 22 2266 0502 ફેક્સ: 91 - 22 2266 0358
વેબસાઈટ: www.rbi.org.in
ઈમેઈલ: helpdoc@rbi.org.in

12 ઓક્ટોબર 2017

**ધી અનંતપુર કો-ઓપરેટીવ ટાઉન બૅન્ક લિમિટેડ, અનંતપુરમુ,આંધ્ર પ્રદેશ -પર નાણાંકીય દંડ લાદવામાં આવ્યો.**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (સહકારી મંડળીઓને લાગુ પડતી હોય તે ) ની કલમ 46 (4) સાથે કલમ 47A (1) (બી) ની જોગવાઈઓ હેઠળ તેની પ્રદત્ત સત્તાનો ઉપયોગ કરીને, ડિરેક્ટર અને તેમના સંબંધીઓને લોન અને એડવાન્સિસ અંગેના ભારતીય રિઝર્વ બેંકનાં સૂચનો / દિશાનિર્દેશોનાં ઉલ્લંઘન કરવા માટે ધી અનંતપુર કો-ઓપરેટીવ ટાઉન બૅન્ક લિમિટેડ, અનંતપુરમુ, આંધ્ર પ્રદેશ પર રૂપિયા 50,000/- (રૂપિયા પચાસ હજાર માત્ર) નો નાણાકીય દંડ લાદયો છે.

ભારતીય રિઝર્વ બેંકે, બેંકને “કારણ દર્શાવો નોટિસ” જારી કરી હતી, જેના પ્રતિભાવમાં બેંકે લેખિત જવાબ આપ્યો હતો. કેસની હકીકતો પર વિચારણા કર્યા પછી બેન્કના એ અંગેના ઉત્તર અને વ્યક્તિગત સુનાવણી પછી રિઝર્વ બૅન્ક એ નિષ્કર્ષ પર આવી કે ઉલ્લંઘન સિદ્ધ થાય છે અને દંડ લાદવાની જરૂર છે.

**અજિત પ્રસાદ**
મદદનીશ સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2017-2018/1019**